MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024

# ટકાઉ વિકાસમાં સરકારની ભૂમિકા – જાતીય સમાનતાના સંદર્ભમાં

Parmar Mahesh Devjibhai
Ph.d. student in Sociology Subject
Maharaja Krishkumarshinhaji Bhavnagar University,
Bhavnagar

**A) સારાંશ :-**

પ્રાચીન સમયથી સ્ત્રી-પુરુષ દરજ્જા વિષયક જાતિના સંદર્ભમાં એક ઊંડી ખાઈ જોવા મળે છે. આ ખાઈને ભરવા માટે એટલે કે સ્ત્રી-પુરુષ સમાનતા લાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજિક સુધારકોએ અનેક પ્રયત્નો કર્યા. જેમાં સરકારે રાષ્ટ્રમાં ટકાઉ વિકાસ લાવવા માટે જાતીય સમાનતા પર પણ ભાર મૂક્યો છે. તો જાતીય સમાનતા લાવવા સરકારે અનેક કાર્યક્રમો, નીતિઓની રચના કરી છે કે જેનાથી સ્ત્રીનો દરજ્જો પુરુષ સમકક્ષ બની રહે.

**ચાવીરૂપ શબ્દો** :- આર્થિક વિકાસ, મહિલા ઉત્કર્ષ, સરકારી નીતિ-કાર્યક્રમો, સહસ્ત્રાબ્દી લક્ષ્યાંકો

## B) **પ્રસ્તાવના** :-

આર્થિક વિકાસ એક પ્રક્રિયા છે, સતત ચાલતી પ્રક્રિયા છે, આર્થિક સુખાકારી પ્રાપ્ત કરવાનું સાધન છે. તેથી આર્થિક વિકાસ શબ્દનો વ્યાપ એટલો મોટો છે કે આર્થિક વિકાસમાં આર્થિક વૃદ્ધી, આર્થિક સુખાકારી, આર્થિક પ્રગતી પણ સમાઈ જાય છે. આર્થિક વિકાસ દરમિયાન પણ વાસ્તવિક રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક માથાદીઠ આવક વધે છે પણ આર્થિક વિકાસ એ માત્ર પરિમાણાત્મક ફેરફારો નથી તેમાં આવકના વધારાની સાથે કેટલાક ગુણાત્મક ફેરફારો પણ થાય છે.

## C) ટકાઉ વિકાસનો અર્થ :-

1) સામાન્ય અર્થ :-

"ટકાઉ વિકાસ એટલે પ્રદૂષણ મુક્ત અને પર્યાવરણ તરફ મૈત્રી પૂર્ણ વ્યવહાર દ્વારા વિકાસ."

2) સામાન્ય અર્થ :-

"ટકાઉ વિકાસ એટલે ભાવિ પેઢીની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતાને નુકસાન પહોંચાડ્યા વિના વર્તમાન પેઢી ની જરૂરિયાતો સંતોષવી ટકાવ વિકાસમાં પર્યાવરણના સંસાધનોની કાયમી જાળવણી પર ભાર મૂકવામાં આવ્યો છે."

**D) ટકાઉ વિકાસના ધ્યેયો :-**

સહસ્ત્રાબ્દી લક્ષ્યાંકો ની સમયસીમા પૂરી થતાં 8 લક્ષ્યાંકોમાં વધારો કરીને સપ્ટેમ્બર 2015 માં મળેલી સયુંક્ત રાષ્ટ્રની ઐતિહાસિક મહાસભ્યમાં 193 સભ્ય રાજ્યો દ્વારા 17(SDGs) અને 169 લક્ષ્યાંકો સ્વીકારવામાં આવ્યા છે અને તે 1 જાન્યુઆરી 2016 થી અમલમાં આવી ચૂક્યા છે અને આ 17 ધ્યેયોને પૂર્ણ કરવા માટેની સમય અવધિ 2030 સુધીની રાખવામાં આવી છે.

- **ટકાઉ વિકાસના ધ્યેયો (SDGs):**

1) ગરીબીથી મુક્તિ : આખા વિશ્વમાં ગરીબીનો તેના તમામ સ્વરૂપોમાં અંત આણવો

2) ભૂખમરાની નાબુદી : ભૂખમરાનો અંત આણવો, ખાદ્ય સુરક્ષા અને ઉન્ન્ત પોષણક્ષમતાને સિદ્ધ કરવી અને પર્યાવરણને અનુકુળ કૃષિને પ્રોત્સાહન આપવું.

3) સારું આરોગ્ય અને સુખાકારી : આરોગ્યપ્રદ જીવન સુનિશ્ચિત કરવું અને તમામ વયના તમામ લોકોની સુખાકારીને પ્રોત્સાહિત કરવી.

4) ગુણવત્તાસભર શિક્ષણ સર્વગ્રાહી અને સમાન ગુણવત્તાસભર શિક્ષણની ખાતરી અને બધા માટે આજીવન શિક્ષણની તકો

5) જાતીય સમાનતા : જાતિ સમાનતા હાંસલ કરવી તથા બધી જ સ્ત્રીઓ અને છોકરીઓનું સશક્તિકરણ

6) સ્વચ્છ પાણી અને સ્વચ્છતા : સર્વે માટે પાણી અને સ્વચ્છતાની સતત ઉપલબ્ધતાની ખાતરીનું સંચાલન

7) પોષાય તેવી અને સ્વચ્છ ઉર્જા : તમામને પોષાય તેવી વિશ્વસનીય, ટકાઉ અને આધુનિક ઉર્જાની ઉપલબ્ધતાની ખાતરી

8) શ્રેષ્ઠ કામગીરી અને આર્થિક વૃધ્ધિ : સર્વે માટે સર્વગ્રાહી અને નિરંતર આર્થિક વૃદ્ધિ, સંપૂર્ણ અને ઉત્પાદકીય રોજગાર અને સંતોષકારક કાર્યને પ્રોત્સાહન

9) ઉદ્યોગ, નવતર પ્રયાસ અને માળખું : સુસ્થિતિસ્થાપક આંતરમાળખું ઉભું કરવું, વ્યાપક અને નિરંતર ઔધ્યોગીકરણ અને નવીનીકરણના ઉછેરને (foster development) પ્રોત્સાહન

10) અસમાનતામાં ઘટાડો: આંતરિક અને વિવિધ દેશો વચ્ચેની અસામનતા ઘટાડવી.

11) નિરંતર શહેરો અને સમુદાયો : શહેરો અને માનવ વસાહતો, વ્યાપક સલામત સ્થીતીસ્થાપક અને નિરંતર બનાવવી.

12) નિરંતર વપરાશ અને ઉત્પાદન: નિરંતર વપરાશ અને ઉત્પાદનના માળખાની ખાતરી

13) આબોહવાને લગતા પગલા: આબોહવા પરિવર્તન અને તેની અસરોનો સામનો કરવા માટે તાત્કાલિક પગલા લેવા.

14) પાણી તળેનું જીવન: મહાસાગરો, સમુદ્રો અને દરિયાઈ સ્ત્રોતોનું સંરક્ષણ અને નિરંતર વિકાસ થાય તેવો વપરાશ.

15) જમીન પરનું જીવન: જંગલોના નિરંતર રક્ષણ, રણને વધતું અટકાવવા, પ્રાદેશિક ઇકોસિસ્ટમનું રક્ષણ, પુનઃસ્થાપન અને વપરાશ માટેનુ પ્રોત્સાહન, અને જમીનના ધોવાણની અટકાયત તથા તેની સુધારણા અને જૈવવિધ્ધાતાનું નુકશાન અટકાવવું.

16) શાંતિ, ન્યાય અને મજબુત સંસ્થાઓ : નિરંતર વિકાસ માટે શાંતિપૂર્ણ અને સર્વગ્રાહી પ્રોત્સાહન, સર્વેને ન્યાયની ઉપલબ્ધતા પૂરી પાડવી અને તમામ સ્તરે અસરકારક જવાબદાર અને વ્યાપક સંસ્થાઓનું નિર્માણ

17) ધ્યેયો માટે ભાગીદારી : મજબુત અને નિરંતર વિકાસના અમલીકરણ માટે વૈશ્વિક ભાગીદારીનો પૂર્ણોદ્ધાર

**E) ટકાઉ વિકાસમાં સરકારની ભૂમિકા - જાતીય સમાનતાના સંદર્ભમાં**

મહિલાઓના આર્થિક, સામાજિક, રાજકીય અને શૈક્ષણિક એમ ચારેય દિશાઓમાં વિકાસ માટે રાજ્યસરકારે અનેક યોજનાઓ ઘડી વિકાસનો માર્ગ કંડાર્યો છે. મહિલાઓનો ઉત્કર્ષ થાય તથા સામાજિક દરજ્જો જળવાય તે માટે રાજય સરકાર કટિબધ્ધ છે.

રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને હાલના ફાસ્ટ ટ્રેક પર ચાલતીમુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે વિવિધ કાર્યક્રમો, યોજનાઓ અને નીતિઓ દ્વારા મહિલાઓને પુરુષ સમોવડી બનાવવાનાં પ્રયત્નો કર્યો છેઃ

**1) આરોગ્ય વિકાસઃ**

- સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ, બાળાઓ, આંગણવાડીનાં બાળકોનાં સ્વાસ્થ્ય રક્ષણ માટે વિવિધ યોજનાઓ અમલ બનાવી છે. તેજ દિશામાં આગળ વધતા ગુજરાતે કુપોષણ મુક્ત ગુજરાત અભિયાન યોજનાનો આરંભ કર્યો છે.
- કિશોરીઓમાં લોહતત્વની ઉણપ દૂર કરવા કિશોરી શક્તિ યોજના અમલમાં મૂકી છે. લોહતત્વની ઉણપ દૂર કરી કિશોરીઓનું આરોગ્ય જળવાય અને ભવિષ્યમાં તંદુરસ્ત બને તેવો કિશોરી શક્તિ યોજનાનો હેતુ છે.
- આંગણવાડીમાં કાર્યરત અને તેડાગર મહિલાઓને માતા યશોદા એવોર્ડ આપી યથોચિત સન્માન કર્યું છે.
- આ માટે આંગણવાડી કાર્યકરને રાજ્યકક્ષાનાં એવોર્ડ માટે રૂ. ૫૧,૦૦૦, જિલ્લા કક્ષાના એવોર્ડ માટે રૂ. ૩૧,૦૦૦, જિલ્લા કક્ષાનાં એવોર્ડ માટે, રૂ. ૩૧,૦૦૦ અને ઘટક કક્ષાના એવોર્ડ માટે રૂ. ૩૧,૦૦૦, જિલ્લા કક્ષાના એવોર્ડ માટે રૂ. ૨૧, ૦૦૦ પ્રોત્સાહક ઈનામની રકમ આપી તેમને પ્રોત્સાહન અપાયું છે.
- મમતા દિવસની ઉજવણી દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકો, કિશોરીઓ અને સગર્ભા તેમજ ધાત્રી માતાઓના આરોગ્ય અને પોષણ સ્તરની ચકાસણી કરવામાં આવે છે.
- મહિલા અભયમ, ખિલખિલાટ વાન, પ્રસૂતિ સમયે તથા બાદની આરોગ્યલક્ષી કાળજી, મહિલા અદાલતો જેવા પગલાઓ દ્વારા રાજયમાં મહિલા સશક્તિકરણની નવી દિશા કંડારી છે.
- છેવાડા સુધી આરોગ્ય સેવા પહોંચાડવા માટે આશા (એક્રેડિટેડ સોશિયલ હેલ્થ વર્કર) ની નિમણૂંક કરવામાં આવી છે.
- તંદુરસ્ત સમાજના નિર્માણ માટે ગુજરાતની નારી ગૌરવ નીતિ અમલમાં મૂકી છે.

**2) સામાજિક વિકાસઃ**

- મહિલા સુરક્ષા, ચિરંજીવી યોજના, બેટી બચાવો ઝૂંબેશ, મમતા દિવસ, કન્યા કેળવણી રથ, મહિલા આરોગ્યની રચના, કોલેજોમાં મહિલા હેરેસમેન્ટ સેલની રચના જેવાં અનેક મહિલાલક્ષી પગલા લેવાયા છે.

- ઉજ્જવલા યોજના દ્વારા મહિલાઓને ચૂલો ફૂંકવામાંથી મુક્તિ અપાવી છે. અભયમ ૧૮૧મહિલા હેલ્પ લાઈન દ્વારા મહિલાઓને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બચાવવા તથા વિકટ સમયમાં સંકટની સાંકળ ૧૮૧ બન્યું છે. આ યોજના માટે રાજ્યમાં ૪૫ જેટલી રેસ્ક્યુ વાન કાર્યરત છે.
- મહિલા સંમેલનો –નારી ગૌરવ દિનની ઉજવણી જેવા કાર્યક્રમો દ્વારા મહિલાઓમાં પોતાની ક્ષમતા વિશે જાગૃતિ કેળવાય તે માટે રાજ્યભરમાં સંમેલનો યોજી નારી શક્તિનું સશક્તિકરણ કર્યું છે.
- પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સ્પોર્ટ સેન્ટર ( મહિલા સહાયતા કેન્દ્ર) દ્વારા મહિલાને ટૂંકા અનેલાંબા ગાળાનું માર્ગદર્શન અપાયું છે. આ માટે રાજ્યનાં ૩૩ પોલીસ સ્ટેશનોમાં પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સ્પોર્ટ સેન્ટર કાર્યરત કર્યા છે.
- કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત મામેરા માટે રૂ. ૧૦ હજારની સહાય કન્યાના નામે ચેકથી આપવામાં આવે છે. તે જ રીતે માઇ રામાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લગ્નમાં બિનજરૂરી ખર્ચા અટકાવવા માટે લગ્નનું આયોજન કરનાર સ્વયંસેવી સંસ્થાને યુગલ દીઠ રૂ. ૨ હજાર તથા યુગલ દીઠ રૂ. ૧૦ હજારની સહાય શ્રીનીધિ બોન્ડ સ્વરૂપે આપવામાં આવી છે.
- સરકારની વિવિધ મહિલાલક્ષી યોજનાઓની પહેલને કારણે આજે રાજ્યની મહિલાઓ સ્વમાનભેર જીવન જીવી રહી છે.
- પોતાના ગામમાં શાળા કે કોલેજ ન હોય અને અભ્યાસ કરવા માંગતા હોય તેવી કન્યાઓ માટે ડૉ. આંબેડકર સરકારી કન્યા છાત્રાલયોની સુવિધા ઉભી કરવામાં આવી છે.
- કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા ધો. ૧માં પ્રવેશ લેનાર કન્યાને રૂ. ૨ હજારના નર્મદા શ્રી નીધિ બોન્ડ આપવામાં આવે છે. ધો. ૯ માં પ્રવેશ મેળવનાર કન્યાને પણ રૂ. ૨ હજારના નર્મદા શ્રીનીધિ બોન્ડ આપવામાં આવે છે.
- રાષ્ટ્રીય અને રાજય સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડીઓને ‘શક્તિદૂત’ યોજના હેઠળ પ્રોત્સાહિત કરવામાં આવે છે. તાજેતરમાં જ ઈન્ડોનેશિયાના જાકાર્તા ખાતે યોજાયેલ એશિયન ગેમ્સમાં ૪X૧૦૦ રીલે દોડમાં ગોલ્ડમેડલ જીતનાર ડાંગની આદિવાસી કન્યા કુ. સરિતા ગાયકવાડને રૂ. ૧ કરોડનું ઈનામ આપવામાં આવ્યું હતું અને ટેનિસમાં કાંસ્ય પદક જીતનાર કુ. અંકિતા રૈનાને રૂ. ૫૦ લાખનું ઇનામ આપવામાં આવ્યું હતું.

**3) આર્થિક વિકાસ:**

- વર્ષ-૨૦૧૮-૧૯ નાં બજેટમાં મહિલા સશક્તિકરણ અંગેની વિવિધ ૭૨૦ જેટલી જોગવાઈઓ કરવામાં આવી છે. જેમાંથી ૧૭૮ જેટલી યોજનાઓ તો ફક્ત મહિલાઓ માટેની છે.
- મિશન મંગલમ યોજના દ્વારા મહિલાઓને રોજગારીનાં વ્યાપક અવસરો ઉપલબ્ધ કરાવવાં સાથે મહિલાઓના જીવનમાં આર્થિક ઉજાસ ફેલાયો છે.
- સરકારે મહિલા મિલકતની માલિક બને તો મિલક્તની રજિસ્ટ્રેશન ફી માંથી મુક્તિ આપી છે.
- ઘર દિવડા યોજના દ્વારા ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારની મહિલાઓને આર્થિક સધ્ધરતા પ્રદાન કરી છે.
- નિરાધાર મહિલાઓને પુનઃવસવાટ માટે આર્થિક સહાય, વિધવા પેન્શન જેવી યોજનાઓ દ્વારા મહિલાઓને કોઈપણ રીતે આશ્રિત ન રહેવું પડે તેવા પગલાં ઉઠાવ્યાં છે.
- નોકરી કરતી મહિલાઓ સુરક્ષિત રહી શકે તે માટે રાજયમાં ૧૫ વર્કિંગ વુમન હોસ્ટેલ ચલાવવામાં આવે છે.
- ગ્રામ્ય લેવલે મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા માટે મિલ્કીંગ મશીન, વિદ્યુત સંચાલિત ચાફક્ટર તથા દૂધ ઘર માટે જમીન ફાળવવામાં આવે છે.
- પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત જો મહિલાઓનાં નામે ઘર ખરીદવામાં આવે તો ૬.૫ ટકાની સબસીડી આપવામાં આવે છે.

**4) રાજકીય વિકાસ:**

- મહિલાઓને પંચાયતોમાં 33 ટકા ની જગ્યાએ ૫૦ ટકા આરક્ષણ કરી મહિલાઓની રાજકીય ભાગીદારીને વધારવા બળ પૂરૂં પાડ્યું છે.
- સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકા અનામત અને પોલીસ ભરતીમાં 33 ટકા અનામત મહિલાઓને આપી છે.
- સંપૂર્ણ મહિલા સમરસ પંચાયતને વિશેષ ગ્રાન્ટ સરકાર દ્વારા આપવામાં આવે છે. મહિલા સન્માન દ્વારા, શિક્ષણ દ્વારા સશક્તિકરણને પ્રેરિત કરવાં મહિલાઓ અને કિશોરીઓને આરોગ્ય, શિક્ષણ, કાયદો, અને આર્થિક પર્યાવરણની તાલીમ દ્વારા સુસજ્જ કરવામાં આવે છે. નારી શક્તિના ગૌરવ- સન્માનથી આવતીકાલના આગવાં ગુજરાતનું નિર્માણ થયું છે. નવા ભારતનાં નિર્માણમાં ગુજરાતની ભૂમિકા

અગ્રીમ રહે તે માટે મહિલાઓ પણ કદમથી કદમ મિલાવી સાથે ચાલે તે સમયની માંગ છે. ૩ કરોડ નારી શક્તિનાં સામર્થ્યથી વિકાસની દોડમાં ગુજરાત તેજ રફ્તારથી આગળ વધી રહ્યું છે..

**5) શૈક્ષણિક વિકાસ:**

- બેટી – બચાવો, બેટી ભણાવો જેવાં અભિયાન દ્વારા સ્ત્રી સમાનતાને બળ મળ્યું છે.
- સરસ્વતી સાધના યોજના અન્વયે વિદ્યાર્થીઓને સાયકલ આપવામાં આવે છે. જેથી દીકરીઓ પોતાનું શિક્ષણ પૂરૂં કરી શકે.
- મહિલા આઈ.ટી.આઈ બનાવી તેમના કલા-કૌશલ્યમાં વૃધ્ધિ કરી રોજગારક્ષમ બની છે. તો મહિલાઓ માટે જી.આઈ.ડી.સી બનાવી ઉદ્યોગ ક્ષેત્રે પણ મહિલાઓ પાછળ ન રહે તે માટેના પગલા ઉઠાવ્યા.

**F) ઉપસંહાર :-**

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નિશ્ચિત કરેલ ટકાઉ વિકાસ સંદર્ભે ઉપયુક્ત ધ્યેયો હાંસલ કર્યા વિના કોઈ પણ રાષ્ટ્ર વિકસિત બની શકતું નથી. કેમ કે વર્તમાન સમયની પરિસ્થિતિ જોતાં માત્ર એક બે ક્ષેત્રમાં વિકસિત થયેલ રાષ્ટ્રને વિકસિત રાષ્ટ્ર કહી શકાય નહીં, પણ જે રાષ્ટ્ર સર્વાંગી વિકાસ કરે છે તે જ રાષ્ટ્રને વિકસિત રાષ્ટ્ર તરીકે પરિભાષિત કરવામાં આવે છે. એટલે જ ભારત સરકારે જે અનેક વિકસિત યોજનાઓ ઘડી છે તે વિકસિત યોજનાઓમાં જાતીય સમાનતા સંદર્ભે પણ યોજનાઓ વિકસાવી તેમાં પણ આગળ પડતું સ્થાન મેળવવામાં આગેકૂચ કરવાનો પ્રયાસ કરેલ છે.

- **સંદર્ભસૂચિ :-**

1. સ્ત્રી સમાનતા (પ્રશ્નો અને પડકારો) - કલ્પના શાહ & વિભૂતિ પટેલ "સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત
2. સ્ત્રી અને સમાજ - જે. કે. દવે " અનડા બુક ડિપો - અમદાવાદ"
3. મહિલા દિવસ નિમિત્તે જુદા જુદા વર્તમાનપત્રોના આર્ટિકલો

Certificate No.:020412202419


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH

## (MUCOJOR)-2583-9829 (On-line)

### International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding

**Parmar Mahesh Devjibhai**

In recognition of the publication of the paper entitled

**ટકાઉ વિકાસમાં સરકારની ભૂમિકા – જાતીય સમાનતાના સંદર્ભમાં**

Published in Volume 02, Issue 04, December 2024.

**EDITOR IN CHIEF**